પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૯૬ • કુલ પાના : ૪ • તારીખ : ૧૦-૦૮-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### બિહારમાં ભાજપ જદયુ ગઠબંધન તૂટ્યું

## મુખ્યમંત્રી નીતીશ કુમારે હોદ્દા પરથી રાજીનામું આપ્યું : રાજદ સાથે ગઠબંધન કરી સરકાર રચશે

પટણા,

બિહારમાં નીતીશ કુમારે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે. નીતીશે રાજ્યપાલ ફાગુ સિંહને પોતાનું રાજીનામું સોંપ્યું છે. રાજયપાલે જયાં સુધી નવી સરકારની રચના ન થાય ત્યાં સુધી કાર્યકારી મુખ્યમંત્રી તરીકે કામ કરવા માટે જણાવ્યું છે. રાજ્યપાલ સાથે મુલાકાત બાદ નીતીશ કુમારે કહ્યું હતુ કે અમે એનડીએ છોડી દીધુ છે.તેમણે કહ્યું હતું કે બધાની ઈચ્છા હતી કે એનડીએ છોડી દેવી જોઈએ આથી તમામની વાત માની એનડીએના મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપી દીધુ છે હવે રાજદ કોંગ્રેસ સાથે મળી મહાગઠબંધનની સરકાર બનાવવામાં આવશે રાજયપાલની




મુલાકાત કર્યા બાદ તેઓ સીધા રાબડીદેવીના નિવાસસ્થાને પહોંચ્યા હતાં આ પ્રસંગે લલનસિંહ પણ હાજર રહ્યાં હતાં.

એ યાદ રહે કે બિહારમાં ૫ વર્ષ બાદ નીતીશ કુમારની પાર્ટી જદયુ અને ભાજપ વચ્ચેનું ગઠબંધન તૂટ્યું છે. આજે જદયુ વિધાનસભા પક્ષની બેઠક યોજાઈ હતી જેમાં ધારાસભ્યોની બેઠક મળી હતી જેમાં ધારાસભ્યોએ નીતીશકુમારને કોઈ પણ નિર્ણય લેવા માટે સત્તા આપી હતી અને કહ્યું હતું કે જે પણ નિર્ણય લેવામાં આવે અમે તમારી સાથે છીએ બેઠકમાં પહોંચેલા આરસીપી સિંહના નજીકના સહયોગી શીલા મંડલે કહ્યું હતું કે હું સીએમની સાથે છું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જેડીયુની બેઠકમાં નીતિશ કુમારે કહ્યું કે ભાજપે હંમેશા અમને નબળા પાડવાનો પ્રયાસ કર્યો છે. ભાજપે મારું અપમાન કર્યું છે. ૨૦૧૩થી અત્યાર સુધી ભાજપે માત્ર છેતરપિંડી જ કરી છે.મુખ્યમંત્રી નિવાસસ્થાને જેડીયુના સાંસદો અને ધારાસભ્યોની બેઠકમાં ભાજપ સાથે ગઠબંધન તોડવાની જાહેરાત કરવામાં આવી હતી અને ત્યારબાદ મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજ્યપાલ ફાગુ સિંહ ચૌહાણને મળવા માટે સમય માગ્યો હતો અને રાજયપાલે તેમને ચાર વાગ્યાનો સમય આપ્યો હતો અને મુખ્યમંત્રીએ રાજયપાલને પોતાનું રાજીનામુ આપી દીધુ હતું. દરમિયાન રાબડીના નિવાસસ્થાને આરજેડી નેતાઓની બેઠક યોજાઈ હતી આ બેઠકમાં કોંગ્રેસ અને ડાબેરી પક્ષોના ધારાસભ્યોને પણ બોલાવવામાં આવ્યા હતાં તમામ નેતાઓના મોબાઈલ ગેટ પર જ જમા કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ જ બેઠકમાં જવા દેવામાં આવ્યા હતાં.આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતુ કે જો નીતીશકુમાર એનડીએ સાથે ગઠબંધન તોડે તો મહાગઠબંધન નીતીશકુમારને સમર્થન આપશે કોંગ્રેસે પ્રદેશ અધ્યક્ષ મદન મોહન ઝાના ઘરે બપોરે ૧ વાગ્યે તમામ ધારાસભ્યોની બેઠક બોલાવી હતી અને કોંગ્રેસે જેડીયુને શરતી સમર્થન જાહેર કર્યું હતું.

હવે રાજદ,કોંગ્રેસ અને જદયુની મહાગઠબંધનની સરકાર બનશે કોંગ્રેસના ધારાસભ્ય શકીલ અહેમદ ખાને કહ્યું છે કે નીતીશ કુમાર મહાગઠબંધનના મુખ્યમંત્રી હશે. બધું નક્કી થઈ ગયું છે. લાલુની પુત્રી રોહિણી આચાર્યએ ટ્વીટ કરીને લખ્યું છે કે રાજતિલકની કરો તૈયારી, આવી રહ્યા છે લોલટેનધારી.જદયુના નેતા ઉપેન્દ્ર કુશવાહાએ ટ્વિટ કર્યું કે નવા સ્વરૂપમાં નવા ગઠબંધનના નેતૃત્વની જવાબદારી માટે શ્રી નીતીશ કુમારજીને અભિનંદન. નીતીશ જી, આગળ વધો. દેશ તમારી રાહ જોઈ રહ્યો છે. આ ટ્વિટ પરથી લાગે છે કે નીતીશ કુમાર દેશની રાજનીતિ માટે મોખરે રહેશે.

સુત્રોના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રી સરકાર બનાવવાનો દાવો કરી શકે છે. નીતીશ કુમાર હવે રાષ્ટ્રીય જનતા દળ અને કોંગ્રેસની મદદથી સરકાર બનાવી શકે છે. નવી ગઠબંધન સરકારમાં નીતીશ કુમાર મુખ્યમંત્રી તરીકે ચાલુ રહે તેવી શક્યતા છે. તેમજ તેજસ્વી યાદવ નાયબમુખ્યમંત્રી બની શકે છે. આ સાથે કોંગ્રેસના દરબારમાં સ્પીકરનું પદ મળવાની પણ શક્યતા છે. આરજેડી નેતા તેજસ્વી યાદવે ગૃહ મંત્રાલયની માગણી કરી છે, સાથે જ તેજ પ્રતાપને પણ સરકારમાં સ્થાન મળી શકે છે. જોકે, હજૂ સુધી આ અંગે કોઈ સત્તાવાર સમર્થન મળ્યું નથી. બિહારમાં ભાજપ સાથે છેડો ફાડયા બાદ અને મહાગઠબંધનની સરકાર બનવા જઈ રહી છે ત્યારે રાજદના કાર્યકરોમાં ખુશી છવાઈ ગઈ હતી.રાબડીદેવીના નિવાસસ્થાને રાજદના કાર્યકરો માટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતાં અને લાલુ જીન્દાબાદ,તેજસ્વી યાદવ જીન્દાબાદના સુત્રોચ્ચાર લગાવ્યા હતાં કાર્યકરોનું કહેવું છે કે બિહારમાં હવે ગરીબોની સરકાર આવી છે.જયારે ચિરાગ પાસવાને માંગણી કરી હતી કે બિહારમાં ફરી ચુંટણી કરાવવી જોઈએ જયારે ભાજપ નેતાઓએ કહ્યું હતું કે નીતીશ હંમેશા દગો આપવા જાણીતા છે.

## તહેવારના સમયે સિંગતેલ અને કપાસિયાના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો

અમદાવાદ,

કોરોનાના બે વર્ષ બાદ માંડ લોકોને આ વર્ષે ઉત્સવ ઉજવણીનો લ્હાવો મળ્યો છે, ત્યાં મોંઘવારીએ માઝા મૂકી છે. ખરા તહેવાર સમયે જ જીવન જરૂરિયાતી તમામ વસ્તુઓના ભાવ વધ્યા છે. ત્યારે દર અઠવાડિયે ખાદ્યતેલમાં થઈ રહેલો ભાવ વધારો લોકોનું ટેન્શન વધારી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી દર સપ્તાહમાં ખાદ્ય તેલના ભાવમાં તોતિંગ વધારો થઈ રહ્યો છે. જેને કારણે ઘરનું બજેટ ખોરવાયું છે. આજે ફરીથી પામોલિન તેલ, સિંગતેલ અને કપાસિયા તેલના ભાવ વધ્યા છે.



તેલ બજારમાંથી આવેલા આજના ભાવ પર નજર કરીએ તો, પામતેલમાં ડબ્બામાં એક દિવસમાં ૯૦ રૂપિયાનો વધારો થયો છે. તો સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થયો છે. પામતેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૧૯૯૦ થી વધીને ૨૦૮૦ રૂપિયા પર પહોંચ્યો છે. તો સિંગતેલના ડબ્બાનો ભાવ ૨૮૦૦ રૂપિયા પાર પહોંચ્યો છે. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૫૧૦ રૂપિયા થયો છે.

તહેવાર નજીક આવતા ખાદ્યતેલના ભાવમાં ભડકો થયો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર સીંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પૂરેપૂરી છે. સીંગતેલના ભાવમાં વધારો આવશે તો એની અસર કપાસિયા અને સાઈડ તેલમાં પણ જોવા મળશે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં લોકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે. મહત્વનું છે કે, ખાદ્યતેલ મોંઘા થવા સાથે બજારૂ ફરસાણ, ખાદ્યચીજોમાં ભેળસેળ કે વાસી દાઝ્યુ તેલ વાપરવાનું જોખમ પણ વધ્યું છે. ખાદ્યતેલોમાં ભાવવધારાના કારણે ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે.

તહેવારોની મોસમ આવી રહી છે. આવામાં ખાદ્ય તેલોના ભાવ સતત વધી રહ્યાં છે. જે મધ્યમવર્ગીય અને ગરીબ લોકોને પોસાય તેમ નથી. ત્યારે તહેવારોને ધ્યાનમાં રાખીને સરકાર રાજ્યના ૭૧ લાખ રાશન કાર્ડ ધારકોને રાહત આપી છે. રાજ્યના ૭૧ લાખ રાશન કાર્ડ ધારકોને ૧૦૦ રૂપિયા લિટરના ભાવે સિંગતેલ આપવામાં આવશે.

## ભારત ૧૨ હજારથી ઓછી કિંમતવાળા ચીની ફોન પર પ્રતિબંધ લગાવશે

નવીદિલ્હી,

ભારત ચીનને મોટો ઝટકો આપી શકે છે. ઈન્ડિયા ચીની સ્માર્ટફોન નિર્માતાઓને ૧૨,૦૦૦ રૂપિયાથી ઓછી કિંમતની ડિવાઈસ વેચવા પર પ્રતિબંધ લગાવી શકે છે, જેથી શાઓમી કોર્પ સહિત ઘણી બ્રાન્ડને ઝટકો લાગશે. ભારતીય બજારમાંથી બહિષ્કારથી શાઓમી અને તેના દેશની ઘણી કંપનીઓએ નુકસાન ઉઠાવવું પડશે. જેણે હાલના વર્ષોમાં ભારતમાં મોટું રોકાણ કર્યું, જ્યારે ઘરેલૂ બજાર કોવિડ-૧૯ લૉકડાઉનને કારણે ખતમ થવા પર છે. માર્કેટ ટ્રેકર કાઉન્ટર પ્વાઈન્ટ અનુસાર ૧૫૦ ડોલરથી ઓછી કિંમતના સ્માર્ટફોને જૂન ૨૦૨૨ એક ક્વાર્ટર માટે ભારતના



વેચાણની માત્રામાં એક તૃતિયાંશ યોગદાન આપ્યું, ચીની કંપનીઓએ આ શિપમેન્ટમાં ૮૦ ટકાનું યોગદાન આપ્યું.

ભારત સરકારે પહેલા જ દેશમાં કામ કરી રહેલી ચીની ફર્મો, જેમ કે શાઓમી, ઓપ્પો અને વીવો પર મની લોન્ડ્રિંગના આરોપ લાગ્યા છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર આ પગલાથી એપ્પલ ઈંક કે સેમસંગ ઈલેક્ટ્રિક્સ કંપનીએ પ્રભાવિત ન થવું જોઈએ, જે તેના ફોનની કિંમત વધુ છે. **Xiaomi, Realme** અને **Transsion** ના પ્રતિનિધિઓએ કોમેન્ટ્સનો જવાબ ન આવ્યો. જાણવા મળી રહ્યું છે કે ભારતના ટેક્નોલોજી મંત્રાલયના પ્રવકતાઓએ પણ બ્લૂમબર્ગ ન્યૂઝના સવાલનો જવાબ આપ્યો નહીં.

લાવા અને માઈક્રોમેક્સ જેવી ઘરેલૂ કંપનીઓએ ભારતના સ્માર્ટફોનના વેચાણમાં અડધાથી ઓછી ભાગીદારી સામેલ કરી છે. ચીની સ્માર્ટફોન ખેલાડી હવે ભારતમાં મોટા ભાગનો સામાન વેચે છે, પરંતુ તેનું બજાર પ્રભુત્વ સ્વતંત્ર અને નિષ્પક્ષ હરિફાઈના આધાર પર નથી. હકીકતમાં એક સમાચાર અનુસાર વ્યકિતગત રીતે સરકાર ચીની અધિકારીઓને સ્થાનીક સપ્લાય ચેન, ડિસ્ટ્રીબ્યૂટર નેટવર્ક બનાવવા અને ભારતથી નિર્યાત કરવા માટે કહી રહી છે.

હકીકતમાં એલએસી પર ભારત અને ચીન વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં ઘણા ભારતીય સૈનિકોના શહીદ થયા બાદ ભાકતે વર્ષ ૨૦૨૨ની ગરમીમાં ચીની ફર્મો પર દબાવ વધારી દીધો હતો. ત્યારથી ઈન્ડિયાએ ટેન્સેન્ટ હોલ્ડિંગ્સ લિમિટેડની વીચેટ અને બાઈટડાન્સ લિમિટેડના ટિકટોક સહિત ૩૦૦થી વધુ એપ પર પ્રતિબંધ લગાવી દીધો છે, કારણ કે બંને દેશો વચ્ચે તણાવ ચાલી રહ્યો છે.

## મોરબીના ક્યુટન સિરામિક ગ્રુપ પર આયકર વિભાગના દરોડા




મોરબી,

ગુજરાત રાજયમાં છેલ્લા કેટલાક સમયથી આયકર વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. જે છેલ્લા કેટલાક સમયથી વિવિધ ઔદ્યોગિક એકમોને સાણસા માં લઈ આવકવેરાની ચોરી અને મની લોંડરિંગ જેવી ઘટનાઓ ઉપરથી પડદો હટાવી રહ્યું છે. ત્યારે આજરોજ વહેલી સવારે મોરબીના સિરામિક એકમો ઉપર આયકર વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતાં

પ્રાપ્ત વિગતો અનુસાર મોરબીમાં ક્યુટન સિરામીક ગ્રુપનાં ૨૫ સ્થળે આઈટીના દરોડા પાડ્યા છે. જેમાં મોટી કરચોરી સામે આવવાની સંભાવના જણાઈ રહી છે. રાજકોટ આયકર વિભાગ દ્વારા મોરબીના કયુટન સીરામીક ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. સર્ચ ઓપરેશન શરૂ થતાં મોરબીના સિરામિક ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓમાં ફફડાટ ફેલાયો છે. મોરબીમાં કયુટન સીરામીક ગ્રુપ પર દરોડા પડ્યા છે.

મોરબીના કયુટન સીરામીક ગ્રુપના ૨૫ જેટલા સ્થળે આયકર વિભાગ એક સાથે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ગ્રૂપની અમદાવાદ, મોરબી અને રાજકોટ ઓફિસ ઉપર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ દરોડામાં મોટી માત્રામાં કરચોરી સામે આવે તેવી સંભાવના છે. વહેલી સવારથી એકસાથે તમામ સ્થળે સર્ચ શરૂ કર્યું છે. નોધનીય છે કે થોડા દિવસો અહેલા હિંમતનગરી એશિયન ગ્રેનાઈટ ઉપર પણ આવેકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં પેઢીની સાથે સંકળાયેલા ઓફિસ સાથે લોકોના રહેણાક ઉપર આઈટીની ટીમો દ્વારા સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું.

## ગુજરાતની મહિલા સાંસદોએ રક્ષાબંધનની ઉજવણી કરી, PM મોદીને બાંધી રાખડી



નવીદિલ્હી,

રક્ષાબંધન પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી છે. દેશભરમાં રક્ષાબંધનની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. બહેન પોતાના ભાઈ માટે રાખડી ખરીદતી જોવા મળી રહી છે. બજારોમાં પણ અત્યારે રક્ષાબંધનને લઈને રોનક જોવા મળી રહી છે. કોઈ પોતાના ભાઈને વિદેશ રાખડી મોકલી રહ્યુ છે તો કોઈ બહેન પોતાના દૂર રહેતા ભાઈને મળવા માટે અત્યારથી જ પહોંચી ગયા છે. ત્યારે ગુજરાત ભાજપમાં પણ રક્ષાબંધન પર્વની અત્યારથી જ ઉજવણી કરવામાં આવી.

ગુજરાતની મહિલા સાંસદોએ પીએમ મોદીને રાખડી બાંધી. મહિલા સાંસદોને રાખડી બાંધવાનું સૌભાગ્ય મળતા તમામના ચહેરા પર હરખની લાગણી જોવા મળી હતી. મહેસાણાના સાંસદ શારદાબેન, છોટાઉદેપુરના સાંસદ ગીતાબેન રાઠવા, વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટ, ભાવનગરના સાંસદ ભારતીબેન શિયાળ તથા મંત્રી-સાંસદ દર્શના જરદોષે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રાખડી બાંધી હતી. પીએમ મોદી મા ભારતીની આવી રીતે સેવા કરતા રહે, યશ-કિર્તી સદૈવ આ રીતે જ વધતી રહે અને તેમનો પ્રેમ અને આશીર્વાદ સદૈવ મળતા રહે. ભારતની રક્ષા કરનાર પીએમ મોદીની ભગવાન હંમેશા રક્ષા કરે તેવી આશા સાથે મહિલા સાંસદોએ રાખડી બાંધી હતી. સાંસદ રંજનબેન ભટ્ટે પણ આ પળો ફેસબુકમાં શેર કરી હતી.

## સરકાર ઘઉંની આયાત ડ્યૂટીમાં કાપ મુકી શકે છે, એક વર્ષમાં ૨૨ ટકા વધ્યા ઘઉંના ભાવ

ઘઉંના વધતા ભાવોને કાબૂમાં કરવાનો પ્લાન થઈ રહ્યો છે. તેના માટે સરકાર ઘઉંની આયાત પર ૪૦ ટકા ડ્યૂટીને ખતમ કરી શકે છે. તેની સાથે જ વેપારીઓ માટે સ્ટોરની મર્યાદા પણ લાગૂ કરી શકે છે. ઘઉંના બીજા સૌથી મોટા ઉત્પાદક દેશ ભારતમાં હાલના સમયમાં કિંમતો રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. ભીષણ ગરમીના કારણે પાકને નુકસાન થતું જોઈ સરકારે મેમાં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ લગાવી દીધો હતો.

તેમ છતાં પણ તેની ઘરેલૂ કિંમતો ઉચ્ચા સ્તરે રહી હતી. વેપારીઓએ કહ્યું કે, જો સરકાર આયાત ડ્યૂટી હટાવે છે અને આંતરરાષ્ટ્રીય ભાવ ઓછા થાય છે, તો તહેવારી સીઝનમાં આયાત શરુ થઈ શકે છે, તે જ સમયે ઘરેલૂ બજારમાં ભાવ વધારે થઈ શકે છે. સૂત્રોએ કહ્યું છે કે, કેન્દ્ર સરકાર ઘઉંના ભાવ નીચે લાવવા માટે સંભવિત વિકલ્પ પર વિચાર કરી શકે છે. સરકાર પાસે આ વખતે બજારમાં હસ્તક્ષેપ કરવાનો મર્યાદિત વિકલ્પ છે. કારણ કે, ખરીદ ૫૭ ટકાથી ઘટીને ૧.૮૮ કરોડ ટન થઈ ગઈ છે. નવો પાક નવ મહિના બાદ આવશે. ત્યા સુધી ભંડારનો ઉપયોગ સાવધાની પૂર્વક કરવો પડશે. વરસાદ ઓછો થવાના કારણે અનાજની વાવણી પણ પ્રભાવિત થઈ છે.

ડાંગરનો પાક ૫ ઓગસ્ટ સુધી ૨૭૪.૩૦ હેકટર હતો, જે એક વર્ષ પહેલા ૩૧૪.૧૪ લાખ હેક્ટર હતો. ડાંગરના ઓછા ઉત્પાદનથી ચોખાની કિંમતે ચિંતા વધારી છે. સંભાવના છે કે, ઘઉંની વધારે કમી થઈ તો, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાને લંબાવવા પર સરકારે વિચારવું પડશે. યોજના સપ્ટેમ્બરમાં સમાપ્ત થાય છે.

ઘઉંની કિંમતમાં એક વર્ષમાં ૨૨ ટકાનો વધારો થયો છે. ૮ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ ૨૫ રૂપિયે કિલો ઘઉં હતા. જે ૩૦.૬૧ રૂપિયે કિલોએ પહોંચી ગયા છે. એક મહિના પહેલા ૨૯.૭૬ રૂપિયા હતા. લોટનો ભાવ એક વર્ષ પહેલા ૨૯.૭૪ રૂપિયા કિલો હતો. જે આજે ૩૫.૧૩ રૂપિયા થઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ઘઉંની કિંમત જૂલાઈમાં માસિક આધાર પર ૧૪.૫ ટકા નીચે આવી હતી. ગત વર્ષે ભારતમાં ૭૨ લાખ ટન ઘઉંની નિકાસ થઈ હતી. આ વર્ષે ૬૦ લાખ ટન નિકાસનું અનુમાન છે. જ્યારે નવો પાક ૯ મહિના બાદ આવશે. તેથી ઘઉંના ભંડારનો ઉપયોગ સાવધાની પૂર્વક કરવો પડશે.

## સ્વતંત્રતા દિન પહેલા દિલ્હી પોલીસ સતર્ક: હથિયારની હેરફેર કરતા બે શખ્સો ઝડપાયા

નવીદિલ્હી,

દિલ્હી પોલીસ ૧૫ ઓગસ્ટે સ્વતંત્રતા દિન પર્વને લઈને હાઈ એલર્ટ છે. પૂરી દિલ્હી સહિત લાલ કિલ્લા પર સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યો છે. આ દરમિયાન દિલ્હી પોલીસને હથિયારોની એક ખેપનો પર્દાફાશ કરીને બે શખ્સોને ગેરકાયદે હથિયારો સાથે ઝડપી લીધા હતા. આ શખ્સો દિલ્હી-એનસીઆર સહિત પંજાબમાં હથિયારની સપ્લાય કરતા હતા. સ્વતંત્રતા દિન પર્વની હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે દિલ્હી પોલીસ હાઈ એલર્ટ બની છે. પૂરી દિલ્હી સહિત જ્યાં વડાપ્રધાનના હસ્તે તિરંગો લહેરાવવાનો છે તે લાલ કિલ્લામાં સુરક્ષાની ચુસ્ત વ્યવસ્થા કરાઈ છે. આતંકી હુમલાના ઈનપુટ જોતા દિલ્હી પોલીસ પતંગ અને ફુગ્ગા ઉડાડનારાઓ પર ખાસ નજર રાખશે. પતંગબાજોને રોકવા માટે ૪૦૦ જવાન અલગથી તૈયાર રાખ્યા છે. લાલ કિલ્લા આસપાસ રહેલી ઉંચી ઈમારતો પોલીસ પોતાના કબ્જામાં લઈ લેશે અને તેના પર દિલ્હી પોલીસના કમાન્ડો અને શૂટર તૈનાત કરવામાં આવશે. આ બિલ્ડીંગને સીલ પણ કરવામાં આવસે. ઈનપુટ મળ્યા બાદ દિલ્હીમાં સ્થિત રોહિંગ્યાઓની કોલોની પર પણ નજર રાખવામાં આવી રહી છે.

૧૫ ઓગસ્ટે લાલ કિલ્લો અને તેની આસપાસ જમીનથી માંડીને આસમાન સુધી નજર રાખશે. લાલ કિલ્લા આસપાસનું ક્ષેત્ર દર વખતની જેમ નો ફ્લાઈંગ ઝોન રહેશે. પતંગ, ફુગ્ગા, ડ્રોન, હળવા વિમાનો ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. અહીં ૧ હજારથી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. જેનાથી દરેક પર નજર રખાશે. દરમિયાન દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે હથિયારોની એક ખેપ પકડી છે, કેશોપુર દિલ્હી ખાતે બાતમીના આધારે પોલીસે ઘેરાબંધી કરી બે શખ્સોને પિસ્તોલ સાથે ઝડપી પાડ્યા હતા. પંજાબના ગગનસિંહ અને આકાશદીપસિંહને પકડી પાડ્યા હતા. આ શખ્સો દિલ્હી અને પંજાબમાં બદમાશોને હથિયારો ગેરકાયદે સપ્લાય કરતા હતા.

## અમદાવાદમાં અંધારુ છવાયું, આખું શહેર વાદળોના બાનમાં

અમદાવાદ,

ગુજરાતભરમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે અનેક જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે.સોમવારે રાજ્યના ૧૫૩ તાલુકામાં નોંધાયો સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ રાજકોટના ઉપલેટમાં વરસાદ વરસ્યો છે. ગુજરાતમાં હજુ પણ ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદ પડવાની હવામાન વિભાગની આગાહી છે. આ વચ્ચે આજે સવારથી જ અમદાવાદ શહેરમાં અંધારપટ જેવો માહોલ છવાયો હતો આખા શહેરના માથા પર કાળાડિબાંગ વાદળા છવાયા હતાં છે જેથી એવું લાગી રહ્યું હતું કે ગમે ત્યારે વરસાદ તૂટી પડશે પરંતુ ધીરે ધીરે વાદળ હટવા લાગ્યા હતાં અને બપોરે તડકો આવ્યો હતો



અમદાવાદ શહેરભરમાં આજે વરસાદી માહોલ જામ્યો હતો કેટલાક વિસ્તારોમાં ઝરમર વરસાદ પડયો હતો અમદાવાદમાં પણ હવામાન વિભાગે યેલો એલર્ટ આપ્યું હતું ઝરમર વરસાદી માહોલ થતા લાંબા સમયના બફારાથી લોકોને રાહત મળી છે. કાળાડિબાગં વાદળો વચ્ચે વતાવરણ ખુશનુમા બન્યું હતું.કેટલાક વિસ્તારોમાં વરસાદના ઝાપટા પડયા હતાં.કાળાડિંબાગ વાદળાને કારણે વાહન ચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ગઈકાલે રાતે રાજકોટ જિલ્લાના ઉપલેટામાં ચારથી પાંચ ઈંચ જેટલા પડેલા વરસાદને લઈને અનેક ડેમોમાં પાણીની આવક વધી ગઈ છે. સારા વરસાદને લઈને ખેડૂતોની સિંચાઈની સમસ્યા અને ગામડાઓની પીવાના પાણીની સમસ્યાઓનો હવે જલ્દીથી અંત આવશે. ભારે પાણીની આવકને પગલે રાજકોટ જિલ્લાના વેણુ-૨ ડેમના ૩ દરવાજા ૨ ફૂટ ખોલવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના વેણુ-૨ ડેમ માં ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ડેમમાં પાણીની આવક ચાલુ છે. આથી ડેમના ૩ દરવાજા ૨ ફૂટ ખોલવામાં આવ્યા છે. ડેમના નિચાણવાળા વિસ્તારમાં આવેલા ગામોના લોકોએ નદીના પટમાં અવર-જવર ન કરવા અને ફ્લડ કંટ્રોલ રૂમ દ્વારા સાવચેત કરવામાં આવ્યા છે. ઉપલેટા સહિત આઠ ગામોને એલર્ટ કરાયા છે. જેમાં મોજીરા, ગઢાળા, નવાપરા, ખાખી જાળીયા, કેરાળા, સેવંત્રા, વાડલા અને ઉપલેટાને તંત્ર દ્વારા એલર્ટ કરાયા છે. ઉપલેટા શહેર અને ભાયાવદર શહેર તથા જૂથ યોજના હેઠળના ગામોને પીવાનું પાણી પૂરું પાડતા મોજ ડેમમાં નવા નીરની આવક થતા લોકોમાં ખુશી જોવા મળી છે.

## જાહેર સાહસોની રૂા.૧.૬૨ લાખ કરોડની જમીન ખાનગી ક્ષેત્રને 'લીઝ' પર અપાશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર વિવિધ વિભાગો તથા જાહેર સાહસોની રૂા.૧.૬૨ લાખ કરોડની જમીન 'લીઝ' પર આપશે. ગત વર્ષે રૂા.૯૨૦૦૦ કરોડની સંપતિનું આ રીતે ઓળખ મેળવવામાં આવી હતી અને તેને લીઝ પર આપવામાં આવી છે. લોકસભામાં નાણા રાજયમંત્રી પંકજ ચૌધરીએ એક લેખીત જવાબમાં જણાવ્યું કે, લીઝ પર જમીન આપવામાં અને 'વેચાણ'ની જમીનની માલીકી સરકારની જ રહેશે.

વાસ્તવમાં સરકારી નિગમો જાહેર સાહસોની જે જમીન બિનઉપયોગી પડી છે તેનો ઉપયોગ કરવાની ખાનગી ક્ષેત્રને મંજુરી અપાશે અને તેના બદલામાં સરકાર લીઝ રકમ મેળવશે.

વાસ્તવમાં દેશમાં મૂળભૂત આવશ્યકતા માટે એક વિશાળ ઈન્ફ્રાસ્ટ્રકચર માળખું તૈયાર કરવાના નિર્ણય કરાય છે જેમાં દેશના દરેક ક્ષેત્રને મૂળભૂત પાયાની સુવિધા વધી રહે તે જેમાં ૨૦૨૫ સુધીમાં રૂા.૧૧૧ લાખ કરોડની રકમ એકત્ર કરવાનો ઈરાદો છે.

જેમાં આ જમીનના લીઝથી પ્રાપ્ત થતી રકમનું યોગદાન રહેશે. ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્ર સુધી પીવાના પાણી, માર્ગો, ઈલેકટ્રીક અને ઈન્ટરનેટ કનેકટીવીટી, આરોગ્ય શિક્ષણ વિ.ની સુવિધા સરકાર ઉભી કરવા માંગે છે.

## આમ આદમી પાર્ટી જમ્મુ-કાશ્મીરની તમામ બેઠકો પર ચૂંટણી લડશે, સત્તામાં આવશે તો વીજળી મફત આપશે

શ્રીનગર,

દિલ્હી સરકારના કેબિનેટ મંત્રી અને આમ આદમી પાર્ટીના કાશ્મીર ચૂંટણી બાબતોના પ્રભારી ઈમરાન હુસૈને કહ્યું કે જો પાર્ટી જમ્મુ અને કાશ્મીરમાં સત્તામાં આવશે તો લોકોને મફત વીજળી, સારી આરોગ્ય અને પરિવહન સેવાઓ મળશે. આ સાથે બાળકો માટે શ્રેષ્ઠ શિક્ષણ મોડલ તૈયાર કરવામાં આવશે. કાશ્મીર ખીણની મુલાકાતે આવેલા ઈમરાન હુસૈને કહ્યું કે છઈેં જમ્મુ અને કાશ્મીરની તમામ સીટો પર ચૂંટણી લડશે અને આશા છે કે લોકો પાર્ટીમાં તેમનો વિશ્વાસ ફરીથી સ્થાપિત કરશે.

તેમણે કહ્યું કે, જનતાની માંગ પર ઉમેદવારોને ટિકિટ આપવામાં આવશે. આ માટે અમે સામાન્ય જનતા સાથે ચર્ચા કરીશું જેથી ભ્રષ્ટાચાર મુક્ત ચહેરાઓ ચૂંટણી લડી શકે. 'અખંડિતતા' ભાજપનું મોડલ છે અને અમે એવા રાજકારણીઓને સ્વીકારીશું નહીં જેમની અમારી પાર્ટીમાં સારી ઈમેજ નથી. મોટા રાજનેતાઓ અમારો સંપર્ક કરી રહ્યા છે, પરંતુ અમે તે લોકોને તેમના નેતા તરીકે જોઈતા હોઈશું.

ઈમરાને વધુમાં કહ્યું કે કાશ્મીરમાં સ્વિટ્ઝર્લેન્ડની જેમ વિકાસ કરવાની ક્ષમતા છે અને આપ તેને વાસ્તવિકતામાં ફેરવશે. જો જમ્મુ અને કાશ્મીરના લોકો વિચારે છે અને માને છે કે આપએ વાસ્તવમાં દિલ્હીમાં સારો કાર્યકાળ કર્યો છે, તો તેઓ આ પાર્ટીને જમ્મુ-કાશ્મીરમાં સારી આવતીકાલ માટે પસંદ કરી શકે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લામાં ૯મી ઓગસ્ટ ૨૦૨૨ વિશ્વ આદિવાસી દિવસ સંતરામપુર ખાતે ઉજવાયો

લુણાવાડા,

૯ મી ઓગષ્ટ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ મહીસાગર જિલ્લા કક્ષા ઉજવણી સંતરામપુર ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

રીઓ-ડી જાનેરો બ્રાઝીલમાં પૃથ્વી પરિષદ યોજી હતી. જેમાં ૬૮ જેટલા દેશોના ૪૦૦ જેટલા આદિવાસી આગેવાનો ભેગા થયા હતા અને ગહન ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે ૯મી ઓગસ્ટને દર વર્ષે વિશ્વ આદિવાસી દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૯૪થી આ દિવસને સંયુક્ત રાષ્ટ્રે ઉત્સાહભેર ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. જુદા જુદા રાષ્ટ્રે, દેશ અને દુનિયા તથા રાજ્યોમાં જન જાગૃતિ પર્યાવરણ, વિશ્વ બંધુત્વની ભાવના વિકસે અને માનવ માનવ વચ્ચે સદભાવ સમરસતા વિકશે તેવા મૂળ ઉદેશથી આ દિવસને વિશેષ મહત્વ આપવામાં આવે છે અને આદિજાતિના લોકો દ્વારા અપાયેલા બલિદાનને પણ યાદ કરવામાં આવે છે.

આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી કુબેરભાઈ ડીડોરે માનગઢ હત્યાકાંડના શહીદોને શ્રદ્ધાંજલી આપતા માનગઢ ક્રાંતિના મહાનાયક ગોવિંદ ગુરૂને નત મસ્તક નમન કરતા વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, સરકારે વન બંધુ કલ્યાણ યોજના, પેસા એક્ટ, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, સમરસ છાત્રાલય, આદિવાસી વિસ્તારમાં મેડીકલ કોલેજો, ગુણવત્તા યુક્ત શિક્ષણ, પ્રધાનમંત્રી આવાસ યોજનાઓનો અમલ કરી આદિવાસી સમાજ વધુ સંગઠીત બને વધુ ઉન્નતી પામે અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ સૌનો વિકાસ એ સિધ્ધાંતના ન્યાયે સર્વાંગી વિકાસ પામે અને રાજય અને દેશના વિકાસમાં પોતાની ભુમિકા નિભાવે તેવી વિશ્વ આદિવાસી દિવસે શુભેચ્છાઓ પાઠવી હતી. વધુમાં તેમણે સમાજને વ્યસન મુક્ત બની સંગઠીત થઈ સમાજના કુરીવાજોને દુર કરી સાચા અર્થમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવવાની અપીલ કરી હતી.






તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આ પ્રસંગે ઉત્સાહ ઉમંગથી યુવાનો વડીલો મહીલાઓ હાજર રહ્યા હતા. એક તીર એક કમાન, સૌ આદિવાસીઓ એક સમાનના જય ઘોષથી આદિવાસી સમાજની પરંપરાગત બંડી પાઘડી, તલવાર, તીર અને ઢોલ થાળી કુંડી, શરણાઈના તાલે મન મુકીને ઝૂમી ઉઠ્યા હતા પરંપરાગત નાચગાન સાથે વિવિધ યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ, વન અધિકાર પત્રોનુ વિતરણ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી પ્રશસ્તી પત્રો આપવામાં આવ્યા હતા. પ્રારંભમાં દિપપ્રાગટ્ય, આદિવાસી પરંપરાગત નૃત્યો સાથે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનો આરંભ કર્યો હતો. છેલ્લે મંત્રી સહિત મહાનુભાવોએ આદિજાતી વિકાસ વિભાગના વિવિધ યોજનાઓના સ્ટોલોની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે વિવિધ વિભાગના ૩૩૭૯ કામોનું રૂપિયા ૩૪૯૨.૮૭ લાખના ખર્ચે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિશ્વ આદિવાસી દિવસના રાજ્ય કક્ષાની ઉજવણી મુખ્મંત્રી ભૂેન્દ્રભાઈ પટેલના કાર્યક્રમ ઝાલોદ ખાતેનુ જીવંત પ્રસારણ મહાનુભાવો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ નિહાળ્યું હતુ.

કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમારે સૌને આવકાર્યા હતા. આદિવાસી સમાજના માનવ મહેરામણ વચ્ચે ઉજવણી કાર્યક્રમ પ્રાયોજના વહીવટદાર જે.કે.જાદવના આભાર દર્શન સાથે સંપન્ન થયો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખણી, જીલ્લા પોલીસ વડા આર.પી. બારોટ, મદદનીશ આદિજાતિ કમિશનર બી. એન.પટેલ અગ્રણી દશરથભાઈ બારીયા, સંતરામપુર તાલકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સદસ્યો અને તાલુકા પંચાયતના સદસ્યો, આદિજાતીના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા ખાતે રૂા.૩૪૧ લાખના ખર્ચે નવનિર્મિત આદિજાતિ સંકુલનું ઝાલોદ ખાતેથી ઈ-લોકાર્પણ કરતા મુખ્યમંત્રી

લુણાવાડા,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિવાસીઓનો સામાજિક, આર્થિક વિકાસએ હંમેશા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા હોવાનું સ્પુષ્ટયપણે જણાવ્યું હતું.

આદિજાતિ વિસ્તાર દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ આદિવાસી દિવસની રાજયવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવતા રાજ્યના આદિજાતિ વિસ્તારો માટે રૂ.૧૬૦૦ કરોડના ૫૬૯૦ જેટલા વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. જેમાં મહીસાગર જિલલના મુખ્યા મથક લુણાવાડા ખાતે રૂા. ૩૪૧ લાખના ખર્ચે નવનિર્મિત આદજાતિ સંકુલનું પણ ઈ-લોકાર્પણ કર્યું હતું.




તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મુખયમંત્રીની અદયક્ષતામાં ઝાલોદમાં વિશ્વ આદિવાસી દિનની રાજય કક્ષાની ઉજવણી સાથે રાજયના વિવિધ આદિજાતી વિસ્તારોમાં ૨૬ સ્થાનો પર એક સાથે થયેલી ઉજવણીમાં વિધાનસભાના અદ્યક્ષ સહિત મંત્રી મંડળના સભ્યો સહભાગી થયા હતા.

જે અંતર્ગત મહીસાગર જિલ્લાજના સંતરામપુર ખાતે યોજાયેલ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઈ ડીંડોર સહભાગી થયા બાદ મહીસાગર જિલ્લામના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવી પહોંચ્યા હતા. જયાં મંત્રી ડીડોંરએ મુખ્યમ મંત્રીના હસ્તે આદિજાતિ સંકુલના ઈ-લોકાર્પણ કર્યા બાદ આદિજાતિ સંકુલને રીબન કાપીને ખૂલ્લુ મુક્યું હતું.

શિક્ષણ રાજય મંત્રીની સાથે લુણાવાડાના ધારાસભ્યે જીજ્ઞેશભાઈ સેવક, જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી, જિલ્લા પોલીસ વડા રાકેશ બારોટ, અધિક નિવાસી કલેકટર એ.આઈ.સુથાર, સંગઠનના મહામંત્રી, પ્રાયોજના વહીવટીદાર કૌશિક જાદવ, પ્રાંત અધિકારી, સંતરામપુર અને કડાણા તાલુકા પંચાયતના પ્રમુખો સહિત પ્રાયોજના વહીવટદાર કચેરીના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિયત રહ્યા હતા.

આદિજાતિ સંકુલને ખુલ્લું મૂકયા બાદ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર સહિત ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ આદિજાતિ સંકુલની મુલાકાત લીધી હતી.

## શહેરાના નવીવાડી ગામે પાનમ શહેર પરથી ૨.૫૦ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

શહેરા,

શહેરા તાલુકાના નવીવાડી ગામેથી રહેણાંક મકાન પાસે આવેલી પાનમ નહેર પરથી ૨.૫૦ લાખ ઉપરાંતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસ રેઈડ દરમિયાન રાત્રીના અંધકારમાં બૂટલેગર ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.

શહેરા તાલુકામાં પશ્ચિમના કેટલાક ગામોમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની મોટા પ્રમાણમાં માંગ પ્રવર્તી હોય એવું લાગી રહ્યુ છે. હજી સપ્તાહ પહેલાજ બે ગામો માંથી પોલીસે મોટો જથ્થો વિદેશી દારૂનો ઝડપી પાડ્યો હતો. ત્યારે શહેરા પી.આઈ રાહુલ રાજપૂતને તેઓના મુખબિર થકી જાણકારી મળી હતી કે, શહેરા તાલુકાના નવીવાડી ગામનો હાઈસ્કૂલ ફળિયામાં રહેતો ધર્મેન્દ્ર ઉર્ફે ધમો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

મહેન્દ્રસિંહ રાઠોડ પોતાના રહેણાંક મકાન પાસે આવેલી પાનમ નહેર પર ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવી તેને સગેવગે કરવાની પેરવીમાં છે. આથી પી.આઈ રાહુલ રાજપુત તેમજ પોલીસ કર્મીઓ એ.એસ.આઈ વજેસિંહ, ભુદરભાઈ હે.કો.રમેશભાઈ, પો.કો વિપુલ, રાહુલ, હિતેન્દ્રસિંહ અને રાજેન્દ્રસિંહને સાથે રાખી રાત્રીના સમયે માહિતીવાળી જગ્યાએ પહોંચી તમામ બાજુથી જગ્યાને ઘેરી લઈ તપાસ કરતા નહેરની બાજુમાં ખાખી રંગની પેટીઓ મળી આવી હતી અને તે ગણી જોતા ૫૩ પેટીઓ હતી. જે ખોલીને જોતા અંદર ભારતીય બનાવટના વિદેશી દારૂના કવાર્ટર નંગ-૨૫૪૪ કી.રૂ. ૨ લાખ ૫૪ હજાર ૪૦૦ નો થતો હતો. જોકે, પોલીસની રેઈડ દરમિયાન આરોપી બૂટલેગર ધર્મેન્દ્ર ઉર્ફે ધમો મહેન્દ્રસિંહ રાઠોડ અવની પરના અંધકારની આડમાં ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે સપ્તાહની અંદરોઅંદર જ શહેરા પોલીસે પશ્ચિમના ગામોમાં થીજ મોટી માત્રામાં ભારતીય બનાવટના વિદેશી દારૂને ઝડપી પાડ્યો છે અને એવું કહી શકાય કે બૂટલેગરોની સક્રિયતા વચ્ચે પણ પોલીસ તેઓથી સવાઈ સાબિત થતા આવા તત્વોમાં ફફડાટ ફેલાયેલો જોવા મળી રહ્યો છે. પોલીસે ફરાર આરોપી બૂટલેગર ધર્મેન્દ્ર ઉર્ફે ધમો મહેન્દ્રસિંહ રાઠોડ વિરૂદ્ધ ગુન્હો નોંધી પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

## કાલોલના સણસોલી અને ઝાંખરીયા ગામે જુગાર સ્થળે પોલીસે રેઈડ કરી ૧૫ જુગારીયાને ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના સણસોલી અને ઝાંરીયા ગામે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ૧૫ જુગારીયાને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલના સણસોલી ગામે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન પોલીસે અજીતસિંહ રાઠોડ, ધર્મેન્દ્રસિંહ રાઠોડ, સુરપાલસિંહ રાઠોડ, અતુલકુમાર રાઠોડ, વિરેન્દ્રસિંહ રાઠોડ, પુનિત પુરોહિત, વિક્રમસિંહ રાઠોડ, જયરાજ રાઠોડને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૫,૩૭૦/-રૂપીયા જપ્ત કર્યા હતા. જ્યારે કાલોલના ઝાંખરીપુરા ગામે ખેતરોમાં જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે કાલોલ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન વિશાલ રાઠોડ, જગદીશભાઈ રાઠોડ, હરેશકુમાર રાઠોડ, જયેશકુમાર રાઠોડ, પ્રગ્નેશભાઈ, વિજયકુમાર રાઠોડ, હાર્દિક રાઠોડને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ જુગારીયાની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૩,૧૫૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગાર ધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

## ગોધરા તાલુકાના સામલી રોડ ઉપર કારનો દરવાજો ખુલી જતાં રોડ ઉપર પટકાયેલ ૫૫ વર્ષીય વ્યકિતનું મોત

ગોધરા,

ગોધરા તાલુકાના સામલી ગામના જંગલ વિસ્તારના રોડ ઉપર થી અલ્ટીકા ગાડીમાં બેસીને છોકરીના ઘરે જતા હતા. દરમિયાન અકસ્માતે કારનો દરવાજો ખુલી જતાં ૫૫ વર્ષીય વ્યકિ ગાડી માંથી નીચે પટકાઈ જતા ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

ગોધરા તાલુકાના હમીરપુર ગામે રહેતા છત્રસિંહ ઉદેસિંહ બારીય તેમજ પુનાભાઈ ફતાભાઈ બારીયા ઉ.વ.૫૫ અને તેમનો પુત્ર પ્રકાશ અલ્ટીકા કાર નંબર જીજે.૧૭.સીએ.૨૧૧૫ માં બેસીને સામલી ગામના જંગલ વિસ્તાર માંથી જઈ રહ્યા હતા. તે સમયે અકસ્માતે ગાડીનો દરવાજો ખુલી જતાં પુનાભાઈ બારીયા ગાડી માંથી રોડ ઉપર પટકાતા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેઓને સારવાર અર્થે ખસેડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરામાં સેલવાસ થી કેદારનાથ પગપાળા જતાં યુવાનોનું સ્વાગત કરાયું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરામાં દાદરા નગર સેલવાસ થી યાત્રાધામ કેદારનાથ પગપાળા જતા યુવાનનું શિવ ભક્તો અને હિન્દુ સમાજના અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હરિ ઓમ ઓમકાર પાંડે રાષ્ટ્રીય ધ્વજ હાથમાં લઈને ૧૭૦૦કિમી બે માસ સુધી સતત પગપાળા ચાલીને બાબા કેદારનાથના દર્શન કરનાર છે.

દાદરા નગરના સેલવાસ ખાતે રહેતા ૨૯ વર્ષીય હરિઓમ ઓમકાર પાંડેની ઈચ્છા હતી કે, તેને કેદારનાથ પગપાળા જવું છે. તે ઈચ્છા પૂરી કરવા માટે હરિઓમ પાંડે ઓગસ્ટ માસની ત્રણ તારીખ થી રાષ્ટ્રીય ધ્વજ હાથમાં લઈને એકલા પોતાના ઘરેથી ભોલે બાબાના દરબાર કેદારનાથ પગપાળા જવા માટે નીકળી ગયા હતા. જ્યારે પંચમહાલના શહેરામાં શિવ ભક્તો દ્વારા ભોલેનાથ દરબારમાં પગપાળા જતા હરિ ઓમ પાંડેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. નગર વિસ્તારમાં વાઘજીપુર ચોકડી, બસ સ્ટેશન, સિંધી ચોકડી સહિત અનેક વિસ્તારમાં શિવ ભક્તો એ હરિઓમ પાંડેને હર....હર...મહાદેવ અને જય જય રામના નાંદ સાથે ફુલહાર પહેરાવીને સ્વાગત કરતા વાતાવરણ ભકિતમય બની જવા પામ્યું હતું. હરિઓમ પાંડે ૧૭૦૦ કિ.મી બે માસ સુધી પગપાળા ચાલશે. ત્યારે કેદારનાથ મંદિર પહોંચીને દર્શન કરનાર છે. હાલ તો યુવાન પોતાની એક ઈચ્છા પૂરી કરવા માટે પગપાળા બાબા ભોલેના દરબારમાં જઈ રહયા હોય પણ ઠેર ઠેર તેમનું સ્વાગત શિવ ભકતો દ્વારા કરવામાં આવી રહયું છે.

## કાંકણપુર આંટા ફળીયામાં જુગાર રમતા ૬ જુગારીયાને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર આંટા ફળીયામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ૬ જુગારીયાને ઝડપી પાડી ૩૫૨૦/-રૂપીયા રોકડ જપ્ત કર્યા હતા.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કાંકણપુર ગામે આંટા ફળીયામાં કેટલાક ઈસમો સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહ્યા તે સ્થળે કાંકણપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન અજીત રમણભાઈ સોલંકી, અર્જુન સબુરસિંહ રાઠોડ, મુકેશ ભેજારામ કુશ્વાહા, જયદીપ ચંદ્રસિંહ, રાજેશ રવાભાઈ ચૌહાણ, પ્રદિપ મહેન્દ્રસિંહ વાળાને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૩૫૨૦/-રૂપીયા જપ્ત કરી આ બાબતે કાંકણપુર પોલસી મથકે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થા દ્વારા અમેરિકાના ન્યુ જર્સી ખાતે ભારતની આઝાદીના અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી



ગોધરા,

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્વ અંતર્ગત અમેરિકાના ન્યુ જર્સી ખાતેના લિબર્ટી સ્ટેટ પાર્ક, ફલેગ પ્લાઝા ખાતે ભારતની આઝાદીના અમૃત મહોત્વની ભવ્ય ઉજવણી શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અધ્યક્ષ સ્થાને યુ.એસ.એ. મુકતજીવન સ્વામીબાપા પાઈપ બેન્ડની સુમધુર સુરાવલીઓ સાથે કરવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર વેદરત્ન આચાર્ય શ્રી પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અસ્થિ કળશની પુષ્પાજંલી માટે ગવર્નર ફીલ મર્ફી, કોંગ્રેસમેન બિલ પાસક્રેલ અને લિબર્ટી પાર્કના પ્રતિનિધિઓ સાથે વરિષ્ઠ સંત મંડળ તથા હરિભક્તો પણ મોટા સમુદાયમાં ઉપસ્થિત રહ્યા હતાં. અસ્થિ કળશનું ન્યુ યોર્ક સિટી સ્કાયલાઈન અને ન્યૂ જર્સી ગોલ્ડન કોસ્ટની પૃષ્ઠભૂમિ સાથે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પાસે હડસન નદીમાં વિસર્જન કરાયું હતુ. શાંતિના પ્રતિક અને પ્રેમનાં સંદેશા માટે સુંદર સફેદ કબૂતર છોડવામાં આવ્યાં હતા.

## હાલોલ-બોડેલી હાઈવે પર જબાન ગામ પાસે તુફાન ગાડીએ રાહદારીને ટકકર મારતા મોત

જાંબુઘોડા,

હાલોલ-બોડેલી નેશનલ હાઈવે ઉપરના જબાન ગામ પાસે મહુડી બોર ગામના રાહદારીને તુફાન જીપના ચાલકે ટકકર મારતા ગંભીર ઈજાઓને પગલે ઘટના સ્થળે મોત નીપજયુ હતુ.

હાલોલ-બોડેલી નેશનલ હાઈવે ઉપરના જબાન ગામના બસ સ્ટેન્ડ પાસે દુકાનેથી સામાન લઈ જઈ રહેલા મહુડી બોર ગામના દિલીપભાઈ કાભભાઈ બારીયાને તુફાન ગાડીના ચાલકે પાછળથી ટકકર મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા દિલીપનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. તુફાન ગાડીના ચાલકે અકસ્માત બાદ ઘટના સ્થળેથી ગાડી લઈ ભાગી ગયો હતો. જેને શિવરાજપુર ખાતે પકડી પાડવામાં આવ્યો હતો. પરંતુ અન્ય એક અંધારાનો લાભ લઈ મદયપ્રદેશના સોહબત ભુરલા ગાડરીયા ભાગી ગયો હતો. જેને જાંબુઘોડા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દાહોદ જિલ્લા પ્રા.શિક્ષણઅધિકારી વિરુદ્ધ શિક્ષિકા દ્વારા થયેલ આક્ષેપો સામે આખરે ફરિયાદ નોંધાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના વિવાદિત પ્રાથમિક શિક્ષણાધિકારી સામે એક શિક્ષિકાએ ૧૦ મહિનાથી જાતિય સતામણી કરતા હોવાના આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આ અધિકારી અને તેના એક મદદગાર શિક્ષક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એક શિક્ષિકાએ ઈન્ચાર્જ પ્રા.શિક્ષણાધિકારી મયુર પારેખ સામે દાહોદ બી-ડીવીઝનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યુ છે કે, મને આપેલી નોટીસ બાબતે મેં પુરાવા રજુ કર્યા હતા તેમ છતાં પ્રાથમિક શિક્ષણાધિકારીએ કહ્યુ હતુ કે, આ ફાઈલ તુ મારી ઓફિસે લઈને ફરીશ તો પણ નિકાલ નહિ આવે તુ આપણા ગ્રુપમાં ફોટા-વીડિયો કેમ નથી મુકતી તેમ કહી જણાવ્યુ હતુ કે, ખબર છે ને બે હાથે તાળી પડે અને મારી તાળી આગળ બધી તાળી ફિકકી છે. તુ એકવાર મારી પાસે આવી જા મારો માણસ તને ફોર વ્હિલરમાં લેવા આવશે.શિક્ષિકાની ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરી આગળ તપાસ હાથ ધરી હતી.



''સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય'' આ ઉકિતને સાર્થક કરી છે. ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ પ્રતિષ્ઠિત શાળા ધી ઈકબાલ પ્રાથમિક શાળામાં ધોરણ ૮-એફ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કલંદર અમ્માર સિદ્દીકે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કલાઉત્સ ''ચિત્ર સ્પર્ધા''માં તાલુકા કક્ષાએ બીજો નંબર પ્રાપ્ત કરી શાળા, સમાજ તેમજ ગોધરા શહેરનું નામ રોશન કરેલ છે. જે બદલ ઈકબાલ શાળા પરિવાર તરફથી આ તેજસ્વી વિદ્યાર્થી અને સમગ્ર પરિવારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.

## આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

વૃષભ (બ,વ,ઉ) : વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

મીથુન (ક,છ,ઘ) : આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

કર્ક (ડ,હ) : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો, યાત્રા થઈ શકે છે.

સિંહ (મ,ટ) : પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

કન્યા (પ,ઠ,ણ) : વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

તુલા (ર,ત) : સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

વૃશ્ચિક (ન,ય) : જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

ધન (ભ,ધ,ફ) : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

મકર (ખ,જ) : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

કુંભ (ગ,શ,સ) : દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

મીન (દ,ચ,ઝ,થ) : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# છેલ્લા બે દાયકામાં આદિવાસી સમાજના વિકાસ માટે બજેટમાં ૨૬ ગણો માતબર વધારો કર્યો છે : મુખ્યમંત્રી

## રાજ્યના આદિજાતિ વિસ્તારો માટે રૂ. ૧૬૦૦ કરોડના ૫૬૯૦ જેટલા વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા

દાહોદ,

આદિજાતિ વિસ્તાર દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ આદિવાસી દિવસની રાજયવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવતા રાજ્યના આદિજાતિ વિસ્તારો માટે રૂ. ૧૬૦૦ કરોડના ૫૬૯૦ જેટલા વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ઝાલોદમાં વિશ્વ આદિવાસી દિનની રાજ્ય કક્ષાની ઉજવણી સાથે રાજયના વિવિધ આદિજાતી વિસ્તારોમાં ૨૬ સ્થાનો પર એક સાથે થયેલી ઉજવણીમાં વિધાનસભાના અધ્યક્ષ સહિત મંત્રી મંડળના સભ્યો સહભાગી થયા હતા. છેલ્લા બે દાયકામાં રાજ્યના આદિવાસી સમાજના વિકાસ માટે બજેટમાં ૨૬ ગણો માતબર વધારો કર્યો છે. આદિવાસીઓના રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ માટે અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે તેની ભૂમિકા તેમણે આપી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર છેલ્લા બે દાયકાથી સતત કર્તવ્યરત છે. આ બે દાયકામાં રૂ. ૨૦૭૪૫ કરોડના વિકાસ કામો થકી આદિવાસીઓનું જીવન વધુ સરળ બનાવ્યું છે અને તેમને વિકાસના રાહ પર લાવ્યા છીએ. આદિજાતિ વિભાગના બજેટમાં ક્રમશઃ જંગી વધારો કરીને વર્ષ ૨૦૨૧ ૨૨ માં રૂ. ૨૬૫૬.૪૦ કરોડની આદિજાતિ બાંધવો માટે જોગવાઈ કરી છે. મુખ્યમંત્રીએ આદિજાતિ વિભાગના વિવિધ યોજનાકીય લાભોનું લાભાર્થીઓને વિતરણ કરવા સાથે બિરસા મુંડા યુનિવર્સિટીના લોગોનું અનાવરણ અને તેજસ્વી છાત્રોનું બહુમાન પણ કર્યું હતું.

આદિવાસી વિસ્તારોમાં થયેલા જનકલ્યાણના કામોની ભૂમિકા આપતા






તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પેસા કાયદાનો સુદ્રઢ અમલ કરી અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટાના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ૪ હજાર કરતા વધુ ગામોના ૯૦ લાખ આદિવાસીઓને વિશેષ અધિકારો આ સરકારે આપ્યા છે. શહેરોમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે ખાસ છાત્રાલયો, એકલવ્ય અને મોડેલ સ્કૂલ્સ, ગોધરામાં ગોવિંદ ગુરુ અને રાજપીપળામાં બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ કરી આદિવાસી છાત્રો માટે શિક્ષણના નવા આયામો આપવામાં આવ્યા છે. ગુજરાતની આદિવાસી સંસ્કૃતિને દેશવિદેશના પ્રવાસીઓ માણે તે માટે કેવડિયા ખાતે રૂ. ૧૩૦ કરોડના ખર્ચે નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમ બનાવવામાં આવી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. આદિવાસી જિલ્લાના ૧૧ લાખ એકર વિસ્તારને વિવિધ સિંચાઇ યોજનાનો લાભ આપી હરિયાળા બનાવવા સાથે આદિવાસી વિસ્તારના ૯૮ ટકા રેવન્યુ ગામોને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનએ આદિવાસી બંધુઓને વિકાસના વર્તમાન પ્રવાહો સાથે જોડી ટ્રાયબલ ડેવલપમેન્ટનું એક નવું મોડેલ દુનિયાને આપ્યું છે. વડાપ્રધાનના નેતૃત્વમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. ભારતને અંગ્રેજ શાસનમાંથી આઝાદ કરવામાં આદિવાસી બાંધવોનું બલિદાન અનન્ય રહ્યું છે. રાજ્ય સરકારે આદિવાસીઓના આ બલિદાનને વિશ્વ સમક્ષ ઉજાગર કર્યું છે. પાલ દઢવાવના શહીદોની યાદમાં વન અને ગોવિંદ ગુરુની સ્મૃતિમાં તેમના નામ સાથેની યુનિવર્સિટી ઉપરાંત રાજપીપલા ખાતે રૂ. ૩૪૧ કરોડના ખર્ચથી બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. હર ઘર તિરંગા અભિયાનમાં સૌને જોડાવા કરેલા આહવાનમા તમામ આદિવાસી બંધુઓને જોડાવા માટે અનુરોધ કર્યો હતો.

આદિજાતિ મંત્રી નરેશ પટેલે કહ્યું કે, આદિજાતિ બાંધવોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા પ્રયત્નોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વધુ બળ આપી રહ્યા છે. તેઓ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતા કરી જરૂરી બજેટનું પ્રાવધાન કરી આપે છે. આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શિક્ષણ ખૂબ જરૂરી હોવા પર ભાર મૂકતા પટેલે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં નવી નવી શિક્ષણ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. મેડિકલ, ઈજનેરી કોલજો પણ આ વિસ્તારોમાં મળી રહી છે. આદિવાસી છાત્રોને ઘર બેઠા ઉચ્ચ શિક્ષણ મળી રહ્યું છે. આદિવાસીના ગૌરવવંતા ઈતિહાસને યાદ કરતા સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આદિવાસી સમાજના વિકાસનો પાયો મુક્યો છે અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટેની નેમ વિવિધ વિકાસ કાર્યોની ભેટ થકી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ લીમડી પટ્ટીના ૪૫ ગામોના ૬૬ તળાવો ભરવા માટેની પણ મૌખિક સંમતિ આપી છે. પ્રારંભમાં આદિજાતિ વિકાસ વિભાગના કમિશનર દિલીપ રાણાએ સૌનો આવકાર કર્યો હતો. અંતમાં કલેકટર ડો.હર્ષિત ગોસાવીએ આભાર વિધિ કરી હતી.

## આદિવાસી સમાજના અને તાલુકાના વિકાસ માટે રજૂ કરવામાં આવેલ પ્રશ્નોનો હકારાત્માક ઉકેલ લાવવામાં આવશે : મંત્રી બ્રિજેશ મેરજા

દાહોદ,

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણ અંતર્ગત મુખ્યમ મંત્રી ભૂપેન્દ્ર ભાઇ પટેલના પ્રેરક માર્ગદર્શન હેઠળ યોજાયેલ રાજયવ્યા પી ઉજવણીના ભાગરૂપે રાજયના ૨૭ સ્થવળોએ યોજાયેલા કાર્યક્રમના ભાગરૂપે દાહોદ જિલ્લાલના લીમખેડા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં સહભાગી થતાં પહેલાં લીમખેડા વિશ્રામગૃહ ખાતે જિલ્લાર–તાલુકાના સંગઠનના પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે શ્રમ અને રોજગાર રાજય મંત્રી બ્રિજેશ મેરજાએ સંવાદ–બેઠક કરી હતી.

આ બેઠકમાં મંત્રીએ મનરેગાના કામો, ૧૪મા અને ૧૫મા નાણાં પંચા કામો, રોજગારી અંગેના, આઇ.ટી.આઇ.ના, સરપંચઓના, તલાટી–કમ–મંત્રીઓની ખાલી જગ્યાએઓ સહિત તાલુકાને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરી હતી તેમજ પદાધિકારીઓ દ્વારા તાલુકાને લગતા વિવિધ પ્રશ્નોની રજૂઆત સાંભળી વિકાસના જે કોઇ કામો હોય તે ઝડપથી શરૂ કરી ઝડપથી પૂર્ણ થાય તે જોવાનું સુચવી ઉપયોગી માર્ગદર્શન પુરૂં પાડી જરૂરી સલાહ–સૂચનો આપી આદિવાસી સમાજના અને તાલુકાના વિકાસ માટે રજૂ કરવામાં આવેલ પ્રશ્નોનો હકારાત્મોક દિશામાં ઉકેલ લાવવામાં આવશે તેની ખાત્રી આપી હતી.

આ બેઠકમાં દાહોદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સરતનભાઇ ચૌહાણ, લીમખેડા તાલુકા પંચાયતના પ્રમુખ શર્માબેન મુનિયા, સીંગવડ તાલુકા પંચાયતના પ્રમુખ કાંતાબેન ડામોર, લીમખેડા તાલુકા પંચાયત કારોબારી સમિતિના અધ્યશક્ષ રૂપસીંગભાઇ માવી, તાલુકા પંચાયત સીંગવડ કારોબારી સમિતિના અદ્યતક્ષ રવેસિંહ તાવિયાડ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી(મહેસુલ), લીમખેડાના પ્રાંત અધિકારી રાજ સુથાર, મામલતદાર, લીમખેડા–સીંગવડ, તાલુકા વિકાસ અધિકારી, લીમખેડા–સીંગવડ, જિલ્લાપ રોજગાર અધિકારી, અગ્રણીઓ સર્વ મહેન્દ્રલભાઇ પટેલ, સ્નેતહલભાઇ ધરિયા, રતનસિંહ રાવત, સી.કે. મહેડા, ટી.કે., સમરસિંહ પટેલ, જિલ્લા–તાલુકા પંચાયતના સભ્ટઓ, સંગઠનના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.



## ગરબાડાની ખરોડ નદીના વહેતા પ્રવાહમાં જીવના જોખમે મચ્છીમારી કરતા લોકો

ગરબાડા,

ચોમાસાના આગમન બાદ પ્રથમ વાર ગરબાડાની ખરોડ નદી તારીખઃ–૮મીની રાત્રિના એક દોઢ વાગ્યા બાદ વીજળીના ગડગડાટ સાથે ભારે વરસાદ પડવાના કારણે ઓવર ફ્લો થઈ હતી. જેને લઈને વહેલી સવારથી જ નદીના ધમસતા પાણીના વેણમાં આસપાસના ગામના અનેક લોકો જીવના જોખમે મચ્છીમારી કરતા જોવા મળ્યા હતા. તો બીજી તરફ નદી ઓવરફ્લો થતા ગરબાડા પંથક સહિતના આસપાસના લોકો નદીના ઓવરફ્લોનો નજારો જોવા માટે ઉમટીયા હતા. લાંબા વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા પંથકના ધરતીપુત્રોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. જ્યારે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી.




તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ શહેરના જમાતે સબ્જીફરોસ યાદગાર ચોક થી મુસ્લિમ સમાજ દ્વારા તાજીયા જુલુસ નિકળ્યું.

## દે.બારીયા શહેરમાં મોહરમના પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં મોહરમ માસ એટલે મુસ્લીમ પયગમ્બરનો પહેલો માસ તેને મોહરમ કહેવામાં આવે છે. આ માસની ૧૦મી તારીખ એટલે દશમાં ચંદ્રમાંના દિવસે મોહમંદ સાહેબના દોહિત્ર એટલે નવાસાએ રસુલ ઈમામે હુસેન જેઓ દિનના ખાતર કરબલાના મેદાનમાં ૭૨ સાથીઓ સાથે કુરબાની આપી હતી. આ કલાત્મક તાજીયા (ઝકી)ની પરંપરા એક મુસ્લીમ બાદશાહએ શરૂ કરી હતી. આ મુસ્લીમ બાદશાહ દર સાલ મોહરમના સમયે નવાસા એ રસુલ ઈમામ હુસેનના રોઝા ઉપર જતો હતો અને અમુક સમય બાદ આ બાદશાહ બિમાર થતાં ત્યાં જઈ શકે તેમ નથી. તેથી તે મુસ્લીમ બાદશાહને ત્યાં ના જવાય તો શું કરવું તેનો હલ મેળવવા માટે એક મુસ્લીમ વિદ્યવાન પાસે સલાહ સુચન લીધું અને તે વિદ્યવાન પુરૂષે જે પ્રમાણે બાદશાહને કીધું તે મુજબ ઈમામ હુસેનના મકબરાની કલાકૃતિના આબેહુબ કલાત્મક તાજીયાની ઝરી બનાવી અને તે અક્ષકત હોવાના કારણે ઈરાકના કરબલા શહેર જઈ શકતો ન હોય તેને તે કલાત્મક તાજીયા (ઝરી) જે બનાવી હતી. ત્યાં જ પોતાની મનોકામના પુરી કરી ત્યાર થી આ મોહરમના કલાત્મક તાજીયાનો મહિમા રહેલો છે. જેથી આજેપણ કરબલાના જંગને ૧૪૦૦ વર્ષ વિતી ગયા બાદ પણ આમ, ગરીબોનો મન્નત માનતાઓ આ કલાત્મક ઝરી ઉપર મન્નતો પૂર્ણ થાય છે. તેમાં શંકા નથી. કોઇ પોતાના છોકરાની મન્નત માને છે. પેડામાં છોકરાના ભારોભાર પેડામાં તોલીને તે મીઠાઈ સૌને વહેંચવા છે કે પછી ફ્રુટમા અને ગોળમાં તોલવામાં આવે છે.

દે.બારીયા શહેરના કસ્બા મસ્જીદના પટાંગણમાં પરંપરા અનુસાર તકબીરનો પ્રોગ્રામ સતત ૧૦ દિવસ સુધી કસ્બા જામા મસ્જીદના પેસ ઈમામ કરતા હોય છે. ઈમામ હુસૈન ર.દી.અ. કેવી કેવી મુશ્કીલો વેઠીને પોતાના નાનાને આપેલો વાયદો પુરો કરી બતાવ્યો હતો. તેના વિશે ૧૦ દિવસ તકબીર કરવામાં આવે છે. તેમાં સૌ નાના–મોટા ઔરતો હાજરી આપે છે.

પ્રાપ્ત માહિતી મુજબ કસ્બા વિસ્તારમાં લગભગ ૮ થી ૧૦ નાના મોટા સાઈઝના તાજીયા બેસાડવામાં આવ્યા હતા. ત્યાં દરરોજ નાના બાળકોને જમણ આપવામાં આવતું હતું. સાથે દુધ, કોલ્ડ્રીકસ, સરબત પણ સાથે આપવામાં આવતું હતું. આજે ૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઘોષણ કરી છે. તેના કારણે શહેરની પોલીસ ત્યાં કામે લાગી હતી. જુલુસનો સમયમાં ફેરફાર કરાયો હતો. બપોરે બે ના બદલે ચાર કલાકે રાખવામાં આવ્યો હતો. તમામ તાજીયા ઝુલુસમાં યા હુસેન.... યા હુસેન... નારા સાથે ભે દરવાજા દરગાહ થઈ સગડી સર્કલ થઈ માન સરોવર મોટા તળાવમાં વિર્સજન કરાશે તેના સાથે મોહરમના પર્વની સમાપ્તી થવા પામશે.

## ગુર્જર ભારતી દાહોદ સંચાલિત કોલેજો આયોજિત વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ પ્રસંગ પાર્ટી પ્લોટ ખાતે ગુર્જર ભારતી સંસ્થાની કૃષ્ણ પ્રણામી આર્ટસ કોલેજ, ગુર્જર ભારતી બી.એડ કોલેજ નગરાળા, ચંદ્રકાંતાબેન ધાનકા સાયન્સ કોલેજ નગરાળા, ગોપાલભાઈ પી. ધાનકા એમ એસ ડબલ્યુ કોલેજ નગરાળાના સંયુક્ત ઉપક્રમે ''વિશ્વ આદિવાસી દિન'' ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન અને મુખ્ય વકતા તરીકે ડો. હરિભાઈ દેસાઈ, રાજકીય વિશ્લેષક અમદાવાદ થી પધારેલ હતા. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગોપાલભાઈ પી. ધાનકા, અતિથિ વિશેષ તરીકે સુધીરભાઈ લાલપુરવાલા, ડો.ગૌતમભાઈ સંગાડા, અમરસિંહ ગોહિલ, ચન્દ્રકાંતાબેન ધાનકા–કાઉન્સિલર દાહોદ નગરપાલિકા, દિનેશભાઈ ડિંડોર–(જોઈન્ટ કમિશ્નર માહિતી ખાતું) હાજર રહ્યા હતા.

## ગરબાડામાં વિશ્વ આદિવાસી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી અને ભીલ સમાજ પંચ ગરબાડાની વાર્ષિક સાધારણ સભાનું આયોજન બાબા દેવના સાનિધ્યમાં તા.૦૯–૦૮–૨૦૨૨ ના કરવામાં આવ્યુંહતું. જેમાં સવારે ૧૦ કલાકે બાબા દેવ તથા પ્રકૃતિ પૂજન ત્યારબાદ ૧૦.૩૦ કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનોનું સ્વાગત પ્રવચન તેમજ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન સરકારી સેવામાં જોડાયેલ કર્મચારીઅનોનું સન્માન સમાજના વિશિષ્ટવ્યક્તિઓનું સન્માન સમાજના વર્ગ ૧, ૨ ના અધિકારીઓનું સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ પંચની કામગીરી અહેવાલ સમાજ પંચના બંધારણનું વિમોચન અને મહેમાનોનું ઉદ્બોધન બાદ આભારવિધિ વૃક્ષારોપણ બાદ પુર્ણાહુતિ કરવામાં આવી હતી.

## દે.બારીયા તાલુકા પ્રા.શિક્ષણ સહકારી ધિરાણ મંડળી ચેરમેનની ચુંટણી યોજાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાની ધી દે.બારીઆ તાલુકા પ્રા.શિક્ષક સહકારી ધિરાણ મંડળીના ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણી યોજાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢ બારીયા તાલુકા ખાતે ચાલતી ધી દે.બારીઆ તાલુકા પ્રા.શિક્ષક સહકારી ધિરાણ મંડળીના સનેઃ૨૦૨૨/૨૩ના વર્ષ માટે ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી કરવામાં આવી. જેમાં દેવગઢ બારિયા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રેરિત પેનલનો ભવ્ય વિજય થતાં જેમાં ચેરમેન તરીકે મથુર પટેલ અને વાઇસ ચેરમેન તરીકે પારસિંહ રાઠવા ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. આ તબક્કે તેઓએ મંડળી ઉત્તરોત્તર પ્રગતિના પંથે આગળ વધે અને વટ વૃક્ષ બને તેવા પ્રયત્નો કરવાની નેમ વ્યક્ત કરવામાં આવી. ચૂંટાયેલા નવીન ચેરમેન અને વાઇસ ચેરમેન અને વાઈસ ચેરમેનને પૂર્વ રાજયમંત્રી બચુ ખાબડ, ભાજપા પાર્ટી પ્રમુખ મુકેશ પટેલ, કરણ મામા, દાહોદ જિલ્લા પ્રા.શિક્ષક સંઘના કોષાધ્યક્ષ ભરત મીનામા, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દેવગઢબારિયાના પ્રમુખ બુધા પરમાર, મહામંત્રી રમેશ રાઠવા, સંઘના તમામ હોદ્દેદારો, વ્યવસ્થાપક કમિટીના સભ્યો હાજર રહી અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## દાહોદના ધાનપુર-દે.બારીયામાં તલાટીની હડતાળને લઈ વિદ્યાર્થીઓ દાખલા માટે હેરાન

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર અને દેવગઢ બારીયા તાલુકાના તલાટી અચોક્કસ મુદતની હડતાળ ઉપર જતા ગામડાની જનતા સહીત વિદ્યાર્થીઓને દાખલા માટે સંકટ. પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત રાજયમાં હાલમાં તમામ તલાટીઓ પોતાની માંગણીઓ સરકાર પાસે પુરી કરવા માટે જ્યારે હડતાળ ઉપર છે. ત્યારે દેવગઢ બારીયાના ૨૦ અને ધાનપુર તાલુકાના ૧૪ જેટલાં તલાટી પણ અચોક્કસ મુદતની હડતાલ ઉપર જતા ગામડાના ખેડૂત લાભાર્થી તેમજ વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ માટે જરૂરી દાખલા કઢાવવા માટે તલાટીની સહીઓ નહીં મળવાના કારણે સરકારી કચેરીઓમાં ધક્કા ખાઈ રહયા છે. દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકાના તલાટીઓ પણ હવે આ હડતાળમાં આક્રમક મૂડમાં જણાઈ રહયા છે અને રોજેરોજ નિત નવા કાર્યક્રમો યોજી સરકાર પાસે પોતાની પડતર માંગણીઓ સંતોષવા માટે આવેદનપત્ર અને રજુઆત સરકાર સામે કરી રહયા છે. ખાસ કરીને તલાટી કર્મચારીઓને ખાતાકીય પરીક્ષા પાસ કરવા માંથી મુક્તિ અને ઉચ્ચતર પગાર ધોરણ સહીત અનેક મુદ્દાઓ સરકાર સમક્ષ મુકવામાં આવેલ છે. કેટલીયવાર સરકાર તરફ થી જે પણ પરિપત્ર થયેલા છે. તે પરિપત્ર મુજબ હજુ સુધી કોઈ લાભો પણ મળેલ નથી. તેવી પણ હૈયાવરાળ તલાટીઓ ઠાલવી રહયા છે.



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

દુનિયાભરમાં આદિવાસી સમાજના લોકો ઉલ્લાસભેર વિવિધ કાર્યક્રમો થકી ધામધુમથી વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરતા હોય છે. આદિવાસી સમાજ દ્વારા સંજેલી તાલુકામાં ડીજેના તાલે રેલી કાઢવામાં આવી હતી.



પિરામલ ફાઉન્ડેશન, દાહોદ અને બીઆરસી લીમખેડાના સંયુક્ત ઉપક્રમે બીઆરસી ભવન લીમખેડા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.296

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલના મોરા APMC ખાતે

# વિશ્વ આદિવાસી દિન નિમિત્તે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યું





- વિશ્વ આદિવાસી દિવસની પરંપરા વેશભૂષા, ઢોલ શરણાઈ, તલવાર અને બંડી પાઘડી તથા તીરકામઠા સાથે ઉત્સાહભેર આદિવાસી જનસમુહ આ ઉજવણીમાં જોડાયો.
- બિરસા મુંડા અને માનગઢ ક્રાંતિના પ્રણેતા ગોવિંદ ગુરૂને નત મસ્તક નમન કરી વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છાઓ પાઠવુ છું : રાજય કક્ષાના મંત્રી નિમિષાબેન સુથાર.
- આદિવાસી સમાજ વધુ સંગઠીત બને, ઉન્નતી પામે અને પ્રધાનમંત્રીના સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના પ્રયાસના સિદ્ધાંત થકી સર્વાંગી વિકાસ પામે : રાજયમંત્રી.

ગોધરા,

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં મોરા એ.પી.એમ.સી. ખાતે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ૯ મી ઓગષ્ટ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી સમારોહ આદિજાતિ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વિભાગના રાજય કક્ષાના મંત્રી નિમિષાબેન સુથારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

મોરા ખાતે મોટી સંખ્યામાં લોકો જય આદિવાસી, ગોવિંદ ગુરૂનો જય, જય જોહરના જય ઘોષ કરતા ઉત્સાહ ઉમંગથી યુવાનો, વડીલો, મહીલાઓ ઉમટી પડ્યા હતા. એક તીર એક કમાન, સૌ આદિવાસીઓ એક સમાનના જય ઘોષથી આદિવાસી સમાજની પરંપરાગત બંડી પાઘડી, તલવાર, તીર અને ઢોલ થાળી કુંડી, શરણાઈના તાલે મન મુકીને ઝૂમી ઉઠ્યા હતા. મંત્રી અને મહાનુભાવોના હસ્તે આદિવાસી લાભાર્થીઓને વન અધિકાર પત્રો,મકાન સહાય યોજનાના મંજુરીપત્ર, મિશન મંગલમ યોજના, કુંવરબાઈનું મામેરૂં યોજના, વેલાવાળા મંડપ સહાય યોજના, ઈન્દીરા ગાંધી વૃધ્ધ પેન્શન સહાય, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, ખેતીવાડીની એ.જી.આર.-૩ યોજના, બોટ સહાય યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને હાઈબ્રીડ શાકભાજી કીટસ યોજના લાભ વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત રમત ક્ષેત્રમાં અને અભ્યાસમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી પ્રશસ્તી પત્રો આપવામાં આવ્યા હતા. પ્રારંભમાં દિપપ્રાગટ્ય અને આદિવાસી પરંપરાગત નૃત્યો સાથે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનો આરંભ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી નિમિષાબેન સુથારે શહીદોને ભાવાંજલી આપતા બિરસા મુંડા અને માનગઢ ક્રાંતિના મહાનાયક ગોવિંદ ગુરૂને નત મસ્તક નમન કરતા વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, સરકારે વન બંધુ કલ્યાણ યોજના, પેસા એક્ટ, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, સમરસ છાત્રાલય, મોડેલ સ્કુલ, આદિવાસી વિસ્તારમાં મેડીકલ કોલેજો, મેડીકલ સીટો, ગુણવત્તા યુકત શિક્ષણ, આઝાદીની લડતમાં મોટુ યોગદાન આપનાર આદિવાસી સમાજનું ભવ્ય રાષ્ટ્રીય કક્ષાનું રાજપીપળા ખાતે ટ્રાયબલ મ્યુઝીયમ, પ્રધાનમંત્રી આવાસ યોજના, દુધ સંજવની યોજના, માં અન્નપુર્ણા યોજના, આયુષ્યમાન ભારત યોજનાઓનો અમલ કરી આદિવાસી સમાજ વધુ સંગઠીત બને વધુ ઉન્નતી પામે અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના પ્રયાસના સિદ્ધાંતના ન્યાયે સર્વાંગી વિકાસ પામે અને રાજ્ય અને દેશના વિકાસમાં પોતાની ભુમિકા નિભાવે તેવી વિશ્વ આદિવાસી દિવસે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી, જિલ્લા બાંધકામ સમિતિના ચેરમેન વિક્રમભાઈ ડિંડોર અને અગ્રણી અશ્વિનભાઈ પટેલે પ્રાસંગીક સંબોધન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાયોજના વહીવટદાર એસ.પી.ભગોરાએ સૌને આવકાર્યા હતા. મુખ્ય મહેમાન પદે જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન મણીબેન રાઠોડ, તાલુકા પંચાયત પ્રમુખ ધર્મિષ્ઠાબેન માલીવડ, જિલ્લા પંચાયત સદસ્યો અને તાલુકા પંચાયતના સદસ્યો, આદિજાતિના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા આદિવાસી સમાજના માનવ મહેરામણ વચ્ચે ઉજવણી કાર્યક્રમ મદદનીશ આદિજાતિ કમિશ્નર ભરપોડાના આભાર દર્શન સાથે સંપન્ન થયો હતો.

## ગોધરા ખાતે આદિવાસી દિવસની ઉજવણી કરાઈ




ગોધરા,

વિશ્વ આદિવાસી દિવસ નિમિતે ગોધરા શહેરના સાંપા રોડ ખાતે આવેલી ભકિતનગર ખાતે આવેલા વિશાળ મેદાન પર આદિવાસી વિકાસ ફાઉન્ડેશન,ગોધરા દ્વારા આયોજિત વિશ્વ આદિવાસી દિવસની ગોધરા તેમજ આજુબાજુમાં વસતા વિશાળ આદિવાસી સમાજના ભાઈઓ, બહેનો, બાળકો અને વૃદ્ધો દ્વારા ભવ્યાતી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આદિવાસીઓના મૂળભૂત અધિકારોના સામાજિક, આર્થિક અને ન્યાયીક રક્ષણ માટે દર વર્ષે ૯ મી ઓગષ્ટ નાં દિવસે વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવે છે. આદિવાસીઓની રહેણી, કરની, ખાન પાનની આદતો, રિવાજો, પહેરવેશ વગેરે અન્ય લોકોથી અલગ છે. આદિવાસી સમુદાયના લોકો વિશ્વના ૯૦ થી વધુ દેશોમાં રહે છે. વિશ્વમાં આદિવાસી સમુદાયની વસ્તી આશરે ૩૭ કરોડ છે. વિશ્વમાં લગભગ ૫૦૦૦ વિવિધ આદિવાસી સમુદાય છે અને લગભગ ૭ હજાર ભાષાઓ છે. આ બધું હોવા છતાં આદિવાસી લોકોને પોતાના અસ્તિત્વ, સંસ્કૃતિ અને સન્માન બચાવવા માટે ભારે સંઘર્ષ કરવો પડે છે. ગોધરામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પ્રસંગે સમાજના અગ્રણીઓ ડો.કનુભાઈ ચંદાના, દેવજીભાઈ ડામોર, નાથુભાઈ તડવી, તેમજ અનેક નામી અનામી આગેવાનોની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસ નિમિતે આદિવાસી સમાજના તેજસ્વી તારલાઓ કે જેવો મેડિકલ, આયુર્વેદ, આઇ.એ.એસ,આઇ.પી.એસ. તેમજ અન્ય શૈક્ષણિક કારકિર્દી સાથે સમાજનું નામ રોશન કરતા તારલાઓનું તેમજ સમાજ પ્રત્યે ઉમદા કામગીરી કરી રહેલા અને કરી ચૂકેલા લોકોનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આદિવાસી સમાજના સરપંચો, તાલુકા ડેલીગેટ, જિલ્લા ડેલીગેટનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આદિવાસીનાં ઉજ્વળ ભવિષ્યના બીજ રોપનારા આદિવાસી ગણનાયકો ભગવાન બિરસા મુંડા, ગુરૂ ગોવિંદ, રાણા પૂંજા ભીલ તેમજ અનેક પ્રતિભાઓને યાદ કર્યા હતા. તેમજ આ પ્રસંગે ડો.બાબા આંબેડકરને પણ યાદ કરી તેઓ દ્વારા આદિવાસીઓના વિકાસ, અધિકારોની વાત કરવામાં આવી હતી. તેમજ અગ્રણીઓ દ્વારા સમાજને લગતા અનેક વેધક પ્રશ્નો મામલે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને ગુજરાતના દરેક જિલ્લામાં આદિવાસી ભવન બનાવવાની વાતને પ્રસ્થાપિત કરી હતી. આ પ્રસંગે સ્વીટુ ડામોર નામની યુવતી એ આદિવાસી સમાજને જાગૃત થવા તેજાબી ભાષણ દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. તેમજ આદિવાસી સમાજમાં પ્રવર્તતા કુરિવાજો દૂર કરવા, દુષણો દૂર કરવા, આધ્યાત્મિક માર્ગો પર જવાની તેમજ સમાજને લગતા અનેક તલસ્પર્શી પ્રશ્નોને ઉજાગર કરવામાં આવ્યા હતા.

## ઘોઘંબા તાલુકા કક્ષાએ ૯મી ઓગસ્ટ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

૯ મી ઓગસ્ટને સમગ્ર વિશ્વભરમાં આદિવાસી દિવસ તરીકે ઉજવવાનું નક્કી થયું છે. તે પ્રમાણે આજ રોજ ઘોઘંબા તાલુકા મથકે સમગ્ર તાલુકાના આદિવાસી ભાઈઓ, બહેનો, યુવાનો, વડીલો તથા કર્મચારીઓએ વિશ્વ આદિવાસી દિવસ ને રંગેચ અંગે ઉજવણી કરી છે.

પૃથ્વી પર આદિ અનાદિ કાળથી પ્રકૃતિના પ્રથમ જતનકાર એવા જે લોકો ઓળખવામાં આવ્યા તેઓને આદિવાસી તરીકે ઓળખવામાં આવે છે. આદિકાળથી મનુષ્ય જંગલોને સુરક્ષા કરતો આવ્યો અને તેમાં વસવાટ કરતો આવ્યો છે. તે ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ખૂબ જ મહત્વની વાત છે. પ્રણાલીત રીવાજો અને ચુસ્ત નિયમોને વળગે રહેનાર એટલે આદિવાસી.


સમગ્ર વિશ્વભરમાં આદિવાસી લોકોનો ખોરાક, તેઓની રહેણીકરણી, તેઓના નૃત્ય અને કલાઓ, તેઓની પ્રણાલીગત સંસ્કૃતિ અને વિવિધ ભાષાઓને બંધારણમાં મહત્વ આપવામાં આવ્યું છે.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ઘોઘંબા ખાતે આદિવાસી ભાઈ-બહેનો દ્વારા મહારેલીનું આયોજન કરેલ જેમાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને એકતાએ જ લક્ષ્ય સંગઠન દ્વારા ઘોઘંબામાં જલસેવા કરી સામાજીક સમરસતાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું અને સમાજમા આવા અનેક પ્રકારના સેવાના સતત કામમા કાર્યરત રહેવાની તત્પરતા બતાવી છે અને "જન સેવા એજ પ્રભુ સેવા" એ ઉદાહરણને આજે ખરેખર વિશ્વ હિન્દુપરિષદ, બજરંગદળ અને એકતા એ જ લક્ષ્ય સંગઠન દ્વારા શ્રેષ્ઠ કાર્યદક્ષતા પુરવાર કરવામાં આવી છે.

ઘોઘંબા તાલુકામાં એસ.એચ.વરીયા હાઈસ્કૂલ ખાતે ભવ્ય આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં કાલોલ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, ઘોઘંબા તાલુકા પ્રમુખ રંગેશ્વરીબેન રાઠવા, પ્રમુખ છેલુભાઈ રાઠવા, શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ રાઠવા, જિલ્લા પંચાયતના સભ્ય ભૂપેન્દ્રસિંહ સોલંકી, તાલુકા ભાજપ પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, રાજકીય સંગઠનોના વિવિધ આગેવાનો, સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહી આ ઉત્સવ દીપાવ્યો હતો.

આદિવાસી દિવસની ઉજવણી બાદ સમગ્ર આગેવાનો દ્વારા નીચે મુજબની માંગણીઓ સાથે મામલતદાર ઘોઘંબાને આવેદન પણ આપેલ છે. ડીજે દ્વારા વગાડવામાં આવતા અશ્લીલ ગીતો પર પ્રતિબંધ કરવામાં આવે. ઘોઘંબા તાલુકામાં થયો તે લાઈબ્રેરી અને સ્પોર્ટ માટે મેદાનની વ્યવસ્થા કરવામાં આવે. રાજગઢ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.આર ગોહિલ દ્વારા સ્ટાફ બંદોબસ્ત ગોઠવી સમગ્ર કાયદો અને વ્યવસ્થા ગોઠવેલ હતી.

## પંચમહાલ જીલ્લામાં મુસ્લીમ બિરાદરો દ્વારા મોહરમની ઉજવણી કરાઈ



તસ્વીર : હાલોલ



તસ્વીર : તુષાર દરજી, શહેરા


ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા, શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા તાલુકાઓમાં મુસ્લીમ બિરાદરો દ્વારા મોહરમની ઉજવણી કરાઈ.

ઈસ્લામ ધર્મના સ્થાપક પયગમ્બર મુહમંદ સાહેબના દોહિત્ર ઈમામ હુસૈનની શહાદતને યાર કરીને મુસ્લીમ સમુદાયના લોકો મોહરમ દિવસની ઉજવણી કરે છે. વાંસ અને પેપર માંથી બનાવવામાં આવેલ કલાત્મક તાજીયા સાથે ઝુલુસ કાઢવામાં આવ્યા હતા. મહોરમ મહિનાનો દસમો દિવસ સૌથી વિશેષ માનવમાં આવે છે. મોહરમ મહિનાની ૧૦ તારીખે પયગમ્બર હઝરત મોહમદ સાહેબના દોહિત્ર પુત્ર હઝરત ઈમામ હુસેન કરબલાના યુધ્ધમાં શહીદ થયા હતા. તેમણે ઈસ્લામના રક્ષણ માટે પોતાનું બલિદાન આપ્યું હતું અને આ યુધ્ધમાં તેમની સાથે તેમના ૭૨ સાથીઓ પણ શહીદ થયા હતા. જ્યારે આ યુધ્ધ સત્ય, ધર્મ, ન્યાય અને ઈન્સાનિયત માટેનું હતું.

મોહરમ પર્વની ઉજવણી કરવામાં આવી જ્યારે દર વર્ષે મુસ્લીમ બિરાદરો ઈમામ હુસેનની યાદમાં મોહરમની ઉજવણી કરે છે. આજરોજ પંચમહાલ જીલ્લામાં મુસ્લીમ બિરાદરો દ્વારા મોહરમ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ગોધરા, શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા તાલુકામાં કલાત્મક તાજીયાનું ઝુલુસ નિકળ્યું હતું. મોહરમના પર્વને લઈ પોલીસ દ્વારા ચુસ્તબંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરાઈ.

## ગોધરા-દાહોદ રોડ ઉપર ગણેશ નગર સોસાયટી માંથી ફોર વ્હીલમાં ગાયોની ચોરી કરતાં દ્રશ્યો CCTVમાં કેદ




ગોધરા,

ગોધરા-દાહોદ હાઈવે રોડ ઉપર આવેલ ગણેશ નગર સોસાયટીમાં રહેતા બ્રાહ્મણભાઈના ઘરના વાડામાં બાંધી રાખેલ બે ગાયોની ચોરી કરી જતાં સી.સી.ટીવી કુટેઝ સામે આવતાં હડકંપ મચી જવા પામ્યો. સાથે ગૌ ચોરી કરતાં ઈસમો સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો. ગોધરા-દાહોદ હાઈવે રોડ આઈ.ટી.આઈ.ની સામે આવેલ ગણેશ નગર સોસાયટીમાં રહેતા બ્રાહ્મણભાઈના વાડામાં બે ગાયો બાંધેલ હતી. જે ગાયોને ગૌ ચોરી કરતાં ઈસમો દ્વારા ફોર વ્હીલ ગાડીમાં ભરીને ચોરી કરી ગયા હોય તેવા દ્રશ્યો સી.સી.ટીવી કેમેરા કુટેઝમાં જોવા મળ્યા છે. ભરચક વિસ્તાર માંથી ગાયોની તસ્કરી કારોમાં કરી જતાં દ્રશ્યો જોઈને ગૌ પ્રેમી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. ત્યારે આવા ગાયોની ચોરી કરતાં તત્વોને ડામવા પોલીસ દ્વારા કાર્યવાહી થાય તે જરૂરી છે.

## હાલોલના ગોપીપુરા નાયક ફળીયા ખાતેથી ૧૨.૮૧ લાખના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો




હાલોલ,

હાલોલ તાલુકાના ગોપીપુરા પેટેના ભીખાપુરા ફળીયામાં મહિન્દ્રા પીકઅપ ડાલામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવીને સગેવગે કરવાની પેરવીમાં હોય તેવી બાતમીના આધારે હાલોલ રૂરલ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રૂા.૧૨,૮૫,૬૦૦/-ના દારૂ સાથે મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો મુજબ હાલોલ તાલુકાના ગોપીપુરા પેટેના ભીખાપુરા ફળીયામાં રહેતા અર્જુનભાઈ મેલાભાઈ નાયક, અતુલ અર્જુનભાઈ નાયક ભેગા મળીને મહિન્દ્રા પીકઅપ ગાડી નંબર જીજે.૧૭.યુયુ.૦૬૧૬માં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી લાવ્યા હોય અને નાયક ફળીયા પાસે ઈંગ્લીશ દારૂને સગેવગે કરવાની પેરવીમાં હોય તેવી બાતમી હાલોલ રૂરલ પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂની પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૨૬૭ પેટી કિંમત ૧૨,૮૧,૬૦૦/-રૂપીયાનો જથ્થો ઝડપ્યો હતો. પોલીસે પીકઅપ ડાલા, મોબાઈલ ફોન, તાડપત્રી મળી કુલ ૧૫,૮૭,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. રેઈડ દરમિયાન અતુલ અર્જુનભાઈ નાયક ઝડપાઈ જવા પામ્યો હતો. જયારે અર્જુનભાઈ નાયક, ભરત ઉર્ફે કપો કનુભાઈ ગોહિલ વિરૂદ્ધ પ્રોહિબીશન એકટ હેઠળ હાલોલ રૂરલ પોલીસે ગુનો નોંધી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## હાલોલ વોર્ડ-૮ માં ગટરના દુષિત અને દુર્ગંધ રેલાતા પાણીની સમસ્યાને લઈ પાલિકા કચેરીએ મહિલાઓએ રજુઆત



હાલોલ,

હાલોલ કંજરી રોડ ઉપર વોર્ડ નં.૮માં આવેલ ધવલ પાર્ક સોસાયટીની મહિલાઓ પાલિકા કચેરી ખાતે પહોંચીને હાલ ભુર્ગભ ગટર લાઈનની કામગીરી દરમિયાન આડેધડ ખોદકામ કરવાને લઈ જુની ગટરનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. જેને લઈ આવી ગટર લાઈનના દુર્ગંધ મારતાં પાણીથી પરેશાન થઈ રહ્યા છે.

હાલોલ પાલિકાના વોર્ડ નં.૮ વિસ્તારમાં આવેલ ધવલ પાર્ક સોસાયટીની મહિલાઓ દ્વારા પાલિકા કચેરી ખાતે જઈને રજુઆત કરવામાં આવી હતી અને રજુઆતમાં જણાવ્યું કે, નગરમાં ચાલતા ભુર્ગભ ગટર લાઈનની કામગીરી માટે આડેધડ ખોદકામ કરવામાં આવ્યું. જેમાં જુની ગટર લાઈનની નિકાલ કરવામાં આવી. ગટર લાઈનના દુષિત પાણી સોસાયટીના ઘરો સુધી ભરાઈ રહ્યા છે. જેને લઈ દુર્ગંધ અને દુષિત પાણીને લઈ ઘરની બહાર નિકળવું મુશ્કેલ બન્યું છે. છેલ્લા પાંચ વર્ષથી ગટરો ઉભરાવાની સમસ્યા છે. તેમાં પણ ત્રણ વર્ષ થી ભુર્ગભ ગટર લાઈનની કામગીરી શરૂ થતાં જુની ગટર લાઈનો ઠેક-ઠેકાણે પુરાઈ જતાં દુષિત અને દુર્ગંધવાળું ગટરનું પાણી સોસાયટીમાં રેલાઈ રહ્યું છે. આ સમસ્યાને લઈ અવારનવાર પાલિકા તંત્રને રજુઆત કરવા છતાં પાલિકા તંત્ર દ્વારા ધવલ પાર્ક સોસાયટીના રહિશોનો પ્રશ્ન નહી ઉકેલતા ૧૦૦ ઉપરાંત મહિલાઓ કચેરી ખાતે આવીને ઉભરાતી ગટરનો કાયમી નિકાલ કરવા રજુઆત કરી.